સરદારનગર પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર
ફોન નંબર : ૯૫૧૨૬૭૫૮૬૯
Email Id: Polstn-sradar-ahd@gujarat.gov.in

# પ્રેસનોટ

## ઘરફોડ ચોરીના ગુનાના આરોપી ને મુદ્દામાલ સાથે ગણતરીના કલાકોમાં પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી નાસતા-ફરતા આરોપીઓ પકડવાની તેમજ મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા કરેલ સુચના અનુશંધાને પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડના આસી.પો.સબ.ઇન્સ ડી.આર.બાગુલ તથા સ્ટાફ ના માણસો સાથે કોમ્બીગ નાઇટમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના આસી.પો.સબ.ઇન્સ ડી.આર.બાગુલ નાઓને ખાનગી બાતમી હકિકત કે " એક ઇસમ જેણે શરીરે બ્લેક તથા લાલ કલરના પટ્ટા વાળી ટી શર્ટ તથા બ્લેક કલરનુ જીન્સ નુ પેન્ટ પહેરેલ છે જે ઘરફોડ ચોરી કરેલ મુદામાલ સાથે કુબેરનગર નહેરૂનગર તરફથી આવી કેવલ કચોરી થઇ કુબેરનગર રાજાવીર સર્કલ તરફ જનાર છે " જે બાતમી હકીકત આધારે વોચમાં રહી સરદારનગર પો.સ્ટે. ફ.ગુ.ર.ન. ૧૧૧૯૧૦૪૦૨૦૦૦૫૦/૨૦૨૦ ઇ.પી.કો.કલમ- ૩૮૦, ૪૫૭ મુજબના ગુન્હાના કામે તારીખ-૦૪/૦૧/૨૦૨૦ ના રાત્રીના સાડા દસેક વાગે થી તારીખ-૦૫/૦૧/૨૦૨૦ ના સવારના આઠેક વાગ્યાના સમયે કુબેરનગર સાબરમતી બજાર રાજેશ દુધ ઘર ની બાજુમાં આવેલ જય અંબે ટ્રેડર્સ નામની દુકાનનુ શટલ તોડી દુકાનમાંથી રોકડા રૂપીયા ની ઘરફોડ ચોરી કરેલ જે ગુનાના કામે આરોપી નંદલાલ ઉર્ફે નંદુ કનૈયાલાલ હીરાનંદ જાતે સેવાણી (સિન્ધી) ઉ.વ. ૩૪ રહે.મ.ન. ૩ જી વોર્ડ શાંતીપ્રકાશ સોસાયટી ગુરૂદ્વારાની પાછળ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર નાને ચોરી કરેલ સમગ્ર મુદામાલ સાથે કુબેરનગર નહેરૂનગર કેવલ કચોરી પાસેથી મળી આવતાં અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

આરોપી:- નંદલાલ ઉર્ફે નંદુ કનૈયાલાલ હીરાનંદ જાતે સેવાણી (સિન્ધી) ઉ.વ. ૩૪ રહે.મ.ન. ૩ જી વોર્ડ શાંતીપ્રકાશ સોસાયટી ગુરૂદ્વારાની પાછળ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર

મુદ્દામાલ:- રોકડા રૂપીયા-૨૦,૫૦૦/-

કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;- (૧) પોલીસ ઇન્સપેકટર સી.આર.જાદવ (૨) આસી.પોલીસ સબ ઇન્સપેકટર ડી.આર.બાગુલ (૩) અ.હે.કો. અરવિન્દસિહ રાયસિહ બ ન-૮૩૮૧ (૪) અ.પો.કો.સંજયકુમાર બાબુભાઇ બ ન ૪૪૩૧ (૫) અ.પો.કો. કલ્પેશકુમાર વાલજીભાઇ બ.ન. ૧૦૧૪૦ (૬) લોકરક્ષક ચેતનકુમાર હાજાભાઇ બ ન ૧૨૮૬૩ (૭) અ.લોકરક્ષક સંજયકુમાર જગદીશભાઇ બ ન ૧૧૫૦૧ (૮) લોકરક્ષક પ્રજ્ઞેશકુમાર પોપટલાલ બ.ન.૫૯૫ વિગેરે.